વંચાણે લીધા : (૧) નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના પત્ર નં. પરચ–૧૩૨૦–૧૩/૨૨૧/મ–૩, તા. ૦૮.૦૫.૨૦૧૩
(૨) અત્રેની કચેરીના પરિપત્ર જા.નં. જૂકૃયુ/વિશિનિ/ટે–૨/કૃ.મ./૪૫૮૧–૪૬૬૪, તા. ૧૦.૦૫.૨૦૧૩
(૩) નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પરચ–૧૦૨૦૧૩/ ૫૦૨/મ–૩, તા. ૦૧.૦૬.૨૦૧૩

# પરિપત્ર

આથી સર્વે પ્રાધ્યાપકશ્રીઓ/ સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓ અને કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં પેટા ચુંટણી સબબ આચાર સંહિતાના ભાગ રૂપે કૃષિ મહોત્સવ–૨૦૧૩ની કામગીરી સ્થગિત કરવામાં આવી હતી. પરંતુ નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગના વંચાણે લીધેલ પત્ર ક્રમાંક–૩ મુજબ સદરહુ જિલ્લાઓમાં ચૂંટણીની આચાર સંહિતા પૂરી થતી હોય પોરબંદર, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં તા. ૦૬.૦૬.૨૦૧૩ થી તા. ૧૦.૦૬.૨૦૧૩ દરમ્યાન કૃષિ મહોત્સવ–૧૩ યોજવાનું નકકી થયેલ છે. તે મુજબ આ સાથે સામેલ લીસ્ટ મુજબના તાલુકા નોડલ વૈજ્ઞાનિકશ્રી તથા તાલુકા મદદનીશશ્રીઓની નવી નિમણુંકની માહિતી/ઓર્ડર તેમજ જે તે તાલુકાના રથ રૂટ પણ વેબસાઈટ પર મૂકેલ હોય તે મુજબ દરેક અધિકારી/કર્મચારીશ્રીઓએ કૃષિ મહોત્સવની ફરજ બજાવવાની રહેશે. સર્વે સંબંધિત અધિકારી/કર્મચારીશ્રીએ તેમના ઓર્ડર વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાંથી સત્વરે મેળવી લેવા.

વધુમાં જણાવવાનું કે, જે અધિકારી/કર્મચારીઓને કચેરી કામ સબબ પોતાની કચેરીમાં ફરજ બજાવવાની જરૂરત ઉભી થાય, તો તેમની કચેરીના વડાશ્રીએ જિલ્લા નોડલ વૈજ્ઞાનિકશ્રીને જાણ કરી જે તે અધિકારી/કર્મચારીની વૈકલ્પીક વ્યવસ્થા કરવાની રહેશે. આ અંગેની કોઈપણ જાતની રજૂઆત અત્રેની કચેરીને મોકલવી નહી, જે જાણ થવા સારૂ.

(એ.એમ. પારખીયા)
વિસ્તરણ શિક્ષણ નિયામક
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

જા.નં. જૂકૃયુ/વિશિનિ/ટેક–૨/કૃ.મ.૧૩/ ૫૭૩૮–૫૮૧૯ /૧૩ જૂનાગઢ, તા. ૪ /૦૬/૨૦૧૩

**નકલ સવિનય રવાનાઃ**
૧. નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. ડો. એ. જે. કાછીયા પટેલ, કન્વીનરશ્રી, કેન્દ્રીય મોનીટરીંગ સેલ, કૃ.મ.–૧૩, ગાંધીનગર

**નકલ જયભારત સાથ રવાનાઃ**
૧. સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
૨. સર્વે સંશોધન વૈજ્ઞાનિકશ્રી/ પ્રાધ્યાપકશ્રી/ કચેરીના વડાશ્રીઓ, જૂ. કૃ. યુ., જૂનાગઢ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
૩. પ્રો. કે.સી. પટેલ, નિયામકશ્રી, આઈ.ટી. સેલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ ઈ–મેઈલ થવા સારૂ.
૪. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૫. પ્રોગ્રામ કો–ઓર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, અંબુજા નગર, કોડીનાર તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ